# જન્મદિને વધામણી



**સુમંતભાઈ મંગળદાસ શાહ**
કવિ-સાહિત્યકાર
કાર્યકારી પ્રમુખ, ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ
ફોન : ૨૩૨૨૬૫૫૭
મો. ૯૫૧૦૯ ૯૪૮૨૭

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોનો વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસાવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# સિદ્ધાર્થ લૉ કૉલેજના વિદ્યાર્થીએ પ્રામાણિકતાનાં દર્શન કરાવ્યાં



ગાંધીનગરના સૅક્ટર-૧૬માં સ્થિત સિદ્ધાર્થ લૉ કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી સુરેશજી ઠાકોરને ગત તા. ૩૧ જાન્યુઆરીના રોજ વિજાપુરથી ગાંધીનગર આવતાં ઊંચી કિંમતનો સ્માર્ટ ફોન ઘ-૫ સર્કલ પાસેથી મળી આવ્યો હતો. આ ફોન પર આવતા ઈન કમિંગ કોલ્સના આધારે તેમણે ફોનના માલિકની ભાળ મેળવી હતી અને તેમને ફોન પરત કરીને પ્રામાણિકતાનાં દર્શન કરાવ્યાં હતાં. ફોનના માલિક યુવાન દ્વારા સુરેશજીની આ પ્રામાણિકતાને બિરદાવી તેમના પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

# એસ.જી. અને એસ.વી. શાળા ખાતે જ્ઞાન મંથન અને વાલી મીટિંગ કાર્યક્રમ



એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં શનિવારના રોજ જ્ઞાન મંથન તેમજ વાલીમિટિંગ યોજાઈ હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ૨૩૫ જેટલા વિવિધ વિષયો પર વાલીઓ સમક્ષ પોતાનું જ્ઞાન વ્યક્ત કર્યું હતું. વિદ્યાર્થીઓની આંતરિક શક્તિ વિકસે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન થયું હતું.

# મહાત્માનો ધર્મ પરિચય

વિલાયતમાં રહેતાં વર્ષેક થયું હશે તેવામાં બે થિયોસૉફિસ્ટ મિત્રોની ઓળખાણ થઈ. બંને સગા ભાઈ હતા ને અવિવાહિત હતા. તેઓએ મારી પાસે ગીતાજીની વાત કરી. તેઓ એડવિન આર્નલ્ડનો ગીતાજીનો અનુવાદ વાંચતા હતા, પણ મને તેઓએ તે તેમની સાથે સંસ્કૃતમાં વાંચવા નોતર્યો. હું શરમાયો, કેમ કે મેં તો ગીતા સંસ્કૃતમાં કે પ્રાકૃતમાં વાંચી જ નહોતી! મારે તેમને કહેવું પડ્યું કે મેં ગીતાજી વાંચેલ જ નથી, પણ તમારી સાથે હું તે વાંચવા તૈયાર છું. મારો સંસ્કૃતનો અભ્યાસ પણ નહીં જેવો જ છે. હું તે એટલે સુધી સમજી શકીશ કે તરજુમામાં અવળો અર્થ હશે તો સુધારી શકાશે. આમ આ ભાઈઓની સાથે મેં ગીતા વાંચવાનો આરંભ કર્યો. બીજા અધ્યાયના છેલ્લા શ્લોકમાંના

'વિષયોનું ચિંતવન કરનારો પ્રથમ તેને વિષે સંગ ઊપજે છે, સંગથી કામના જન્મે છે, કામનાની પાછળ ક્રોધ આવે છે, ક્રોધમાંથી સંમોહમાંથી સ્મૃતિભ્રમ અને સ્મૃતિભ્રમમાંથી બુદ્ધિનાશ થાય છે, ને અંતે તે પુરુષનો પોતાનો નાશ થાય છે...'

એ શ્લોકની મારા મન ઉપર ઊંડી અસર પડી. તેના ભણકારા મારા કાનમાં વાગ્યાં જ કરે. ભગવદ્ગીતા અમૂલ્ય ગ્રંથ છે એમ મને તે વેળા ભાસ્યું. તે માન્યતા ધીમે ધીમે વધતી ગઈ અને આજે તત્ત્વજ્ઞાનને સારુ તેને હું સર્વોત્તમ ગ્રંથ ગણું છું. મારા નિરાશાના સમયે તે ગ્રંથે મને અમૂલ્ય સહાય કરી છે. તેના અંગ્રેજી તરજુમા લગભગ બધા વાંચી ગયો છું. પણ એડવિન આર્નલ્ડનો અનુવાદ મને શ્રેષ્ઠ લાગે છે. મૂળ ગ્રંથના ભાવને જાળવ્યો છે, છતાં તે ગ્રંથના તરજૂમા જેવો નથી જણાતો. મેં ભગવદ્ગીતાનો આ વેળા અભ્યાસ કર્યો તો ન જ કહેવાય. તે મારા હંમેશના વાંચનનો ગ્રંથતો કેટલાંક વર્ષો પછી થયો.

આ જ ભાઈઓએ મને આર્નલ્ડનું બુદ્ધિચરિત્ર વાંચવા ભલામણ કરી. અત્યાર સુધી તો સર એડવિન આર્નલ્ડના ગીતાના અનુવાદની જ મને ખબર હતી. બુદ્ધિચરિત્ર મેં ભગવદ્ગીતા કરતાં પણ વધારે રસથી વાંચ્યું. પુસ્તક હાથમાં લીધા પછી તે પૂરું કર્યે જ છોડી શક્યો.

આ ભાઈઓ મને એક વખત બ્લૅવૅટ્સ્કી લૉજમાં પણ લઈ ગયા. ત્યાં મને મૅડમ બ્લૅવૅટ્સ્કીનાં દર્શન કરાવ્યાં ને મિસિસ બેસંટનાં. મિસિસ બેસંટ તે વખતે તાજાં જ થિયોસૉફિકલ સોસાયટીમાં દાખલ થયાં હતાં, એટલે તે વિષેની ચર્ચા અખબારોમાં ચાલતી તે હું રસપૂર્વક વાંચતો. આ ભાઈઓએ મને સોસાયટીમાં દાખલ થવા પણ સૂચવ્યું. મેં વિનયપૂર્વક ના પાડી ને કહ્યું, 'મારું ધર્મજ્ઞાન કંઈ જ નથી, તેથી હું કોઈ પણ પંથમાં ભળી જવા નથી ઈચ્છતો.' મને એવો ખ્યાલ છે કે તે જ ભાઈઓના કહેવાથી મેં મૅડમ બ્લૅવૅટ્સ્કીનું પુસ્તક 'કી ટુ થિયોસોફી' વાંચ્યું. તે ઉપરથી હિંદુ ધર્મનાં પુસ્તકો વાંચવાની ઈચ્છા થઈ અને હિંદુ ધર્મ વહેમોથી જ ભર્યો છે એવો અભિપ્રાય પાદરીઓના મુખેથી સાંભળતો તે મનમાંથી ગયો.

આ જ અરસામાં એક અન્નાહારી વસતિગૃહમાં મને માંચેસ્ટરના એક ભલા ખ્રિસ્તી મળ્યા. તેમણે મારી જોડે ખ્રિસ્તી ધર્મની વાત કાઢી. મેં તેમની પાસે મારું રાજકોટનું સ્મરણ વર્ણવ્યું. સાંભળીને તે દુ:ખી થયા. તેમણે કહ્યું, 'હું પોતે અન્નાહારી છું. મદ્યપાન પણ નથી કરતો. ઘણા ખ્રિસ્તીઓ માંસાહાર કરે છે, મદ્યપાન કરે છે, એ સાચું પણ બેમાંથી એકે વસ્તુ લેવાની એ ધર્મમાં ફરજ નથી. તમે બાઈબલ વાંચો એવી ભલામણ કરું છું.' મેં એ સલાહ માની. બાઈબલ તેમણે જ ખરીદી આપ્યું. મને કંઈક એવો આભાસ છે કે આ ભાઈ પોતે જ બાઈબલ વેચતા. તેમણે નકશાઓ, અનુક્રમણિકા વગેરેવાળું બાઈબલ મને વેચ્યું. મેં તે શરૂ કર્યું. પણ હું 'જૂનો કરાર' વાંચી જ ન શક્યો. 'જેનેસિસ'-સૃષ્ટિમંડાણ-ના પ્રકરણ પછી તો વાંચું એટલે ઊંઘ જ આવે. 'વાંચ્યું' એમ કહી શકાય તે ખાતર, રસ વિના ને સમજ્યા વિના, મેં બીજા પ્રકરણો બહુ કષ્ટપૂર્વક વાંચ્યાં એમ સ્મરણ છે. 'નંબર્સ' નામનું પ્રકરણ વાંચતાં મને અણગમો થયો.

જ્યારે 'નવા કરાર' ઉપર આવ્યો ત્યારે જુદી જ અસર થઈ. ઈશુના ગિરિપ્રવચનની અસર બહુ સારી પડી. તે હૃદયમાં ઊતર્યું. બુદ્ધિએ ગીતાજીની સાથે સરખામણી કરી. 'તારું પહેરણ માગે તેને અંગરખું આપજે,' 'તને જમણે ગાલે તમાચો મારે તેની આગળ ડાબો ધરજે' એ વાંચીને મને અપાર આનંદ થયો. શામળભટ્ટનો છપ્પો યાદ આવ્યો. મારા બાળક મને ગીતા, આર્નલ્ડકૃત બુદ્ધચરિત, અને ઈશુનાં વચનોનું એકીકરણ કર્યું. ત્યાગમાં ધર્મ છે એ વાત મનને ગમી.

આ વાચનથી બીજા ધર્માચાર્યોનાં જીવન વાંચવાનું મન થયું. કાર્લાઈલનું 'વિભૂતિઓ અને વિભૂતિપૂજા' વાંચવાની કોઈ મિત્રે ભલામણ કરી. તેમાંથી પેગંબર વિષે વાંચી ગયો ને તેમની મહત્તાનો વીરતાનો ને તેમની તપશ્ચર્યાનો ખ્યાલ આવ્યો.

આટલા પરિચયથી હું આગળ ન વધી શક્યો. મારાં પરીક્ષાનાં પુસ્તકો ઉપરાંત બીજું વાંચવાની નવરાશ હું ન મેળવી શક્યો, પણ મારે ધર્મ-પુસ્તકો વાંચવા જોઈએ અને બધા મુખ્ય ધર્મોનો યોગ્ય પરિચય મેળવી લેવો જોઈએ એવી મારા મને નોંધ કરી.

નાસ્તિકતા વિષે પણ કાંઈક જાણ્યા વિના કેમ ચાલે? બ્રૅડલોનું નામ બધા હિંદી જાણે જ. બ્રૅડલો નાસ્તિક ગણાય. તેથી તેમને વિષેનું કંઈક પુસ્તક વાંચ્યું. નામનું મને સ્મરણ નથી રહ્યું. તેની મારા પર કંઈ છાપ ન પડી. નાસ્તિકતારૂપી સહરાનું રણ હું ઓળંગી ગયો હતો. મિસિસ બેસંટની કીર્તિ તો તે વેળા પણ ખૂબ હતી જ. તે નાસ્તિક મટી આસ્તિક થાયં છે એ વાતે પણ નાસ્તિકવાદ તરફ મને ઉદાસીન બનાવ્યો. 'હું થિયૉસૉફિસ્ટ કેમ બની?' એ મિસિસ બેસંટનું ચોપાનિયું મેં વાંચી લીધું હતું. બ્રૅડલોનો દેહાંત આ અરસામાં જ થયો. વોકિંગમાં તેમની અંતક્રિયા કરવામાં આવી હતી. હું પણ તેમાં હાજર રહેલો. મને લાગે છે કે હિંદી તો એકપણ બાકી નહીં રહેલ હોય. તેમને માન આપવાને સારુ કેટલાક પાદરી પણ આવ્યા હતા. પાછા ફરતાં એક જગ્યાએ અમે બધા ટ્રેનની રાહ જોતા હતા. ત્યાં આ ટોળાંમાંના કોઈ પહેલવાન નાસ્તિકવાદીએ પાદરીઓમાંના એકની ઊલટતપાસ શરૂ કરી:

'કેમ સાહેબ, તમે કહો છો ના કે ઈશ્વર છે?'

પેલા ભલા માણસે ધીમા સાદે જવાબ આપ્યો: 'હા, હું કહું છું ખરો.' પેલો હસ્યો ને કેમ જાણે પોતે પાદરીને માત કરતો હોય તેમ કહ્યું: 'વારુ, પૃથ્વીનો પરિઘ ૨૮,૦૦૦ માઈલ છે એ તો કબૂલ કરો છો ને?'

'અવશ્ય.' 'ત્યારે કહો જોઈએ ઈશ્વરનું કદ કેવડુંક હશે ને તે ક્યાં હશે?' 'આપણે સમજીએ તો આપણાં બંનેનાં હૃદયમાં તે વાસ કરે છે.'

'બાળકોને ફોસલાવો બાળકોને', કહી પેલા યોદ્ધાએ અમે જેઓ આસપાસ ઊભા હતા તેમની સામે વિજયી નજરે જોયું.

પાદરીએ નમ્ર મૌન ધારણ કર્યું.

આ સંવાદે વળી નાસ્તિકવાદ તરફ મારો અણગમો વધાર્યો.

150 ગાંધીયાત્રા



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સનો સુંદર વાર્ષિકોત્સવ








સરગાસણના ટીપી-૯ વિસ્તાર સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સનો વાર્ષિકોત્સવ તાજેતરમાં ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં ઉજવવામાં આવ્યો હતો. ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આયોજિત આ ઉજવણીમાં મોરબીના પૂર્વ ધારાસભ્ય કાન્તિભાઈ અમૃતિયા, ગાંધીનગર બિલ્ડર એસોસિએશનના પૂર્વ પ્રમુખ પ્રમુખભાઈ ડી પટેલ, લોકપ્રિય સાહિત્યકાર દોલતભાઈ ભટ્ટ, જોધપુરના મહારાજા ઉમેદસિંહ, મહર્ષિ સાંદિપની એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ પી એમ વામજા ઉપસ્થિત રહ્યા હતા. ૩૨૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા ઈમોશન્સ ઑફ લાઈફ (જીવનના ભાવ) થીમ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સાથે મળીને નૃત્ય, અભિનય, સંગીત અને પિરામીડના માધ્યમથી હાસ્યરસ, કરૂણરસ, રૌદ્રરસ, શાંતરસ, શ્રૃંગાર રસ, ભયાનક રસની રજૂઆત પોતાની આગવી શૈલીમાં કરી હતી. સમયાંતરે પ્રગટ થતા આવા ભાવનું આપણા જીવનમાં શું મહત્ત્વ છે તેનું આ કાર્યક્રમ દ્વારા નિરૂપણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ જે બી વામજાએ આ સફળ કાર્યક્રમ બદલ વિદ્યાર્થીઓ, શિક્ષકોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.




ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર આયોજિત ૪૬મું ગુજરાત રાજ્ય વિજ્ઞાન-ગણિત પ્રદર્શન તાજેતરમાં સૂર્યા વરસાણી એકેડેમી, ભૂજ ખાતે યોજવામાં આવ્યું હતું.

આ પ્રદર્શનમાં ધણપ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સેનેટરી નેપકિન્સ ડિસ્પોઝલ મશીનનું નિદર્શન કરવામાં આવ્યું હતું. બાળ વૈજ્ઞાનિક હિરલબા અને નેહાબેન વિક્રમસિંહ રાણા દ્વારા સેનેટરી નેપકિન્સના નિકાલ અને સ્વચ્છતા જાળવવા અંગે વિગતે માહિતી આ પ્રોજેક્ટ અંતર્ગત આપવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓને આ માટેનું માર્ગદર્શન શિક્ષક ઈલાબેન પટેલ દ્વારા પ્રાપ્ત થયું હતું.

# બીસીએ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા નેચર વૉક



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ-બી.સી.એ., ગાંધીનગર દ્વારા બી.સી.એ. સેમેસ્ટર ૪ અને ૬ના વિદ્યાર્થીઓ માટે પોળો ફોરેસ્ટ ખાતે નેચર વોકનું આયોજન કરવામાં આવ્યું હતું. નેચર વોક વિષે વધુ માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ. શાહે જણાવ્યુ હતું કે નેચર વોકના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓ શારીરિક અને માનસિક સુસજ્જતા કેળવે, આકસ્મિક પડકારોનો સામનો કરી શકે, પ્રકૃતિને નજીકથી ઓળખી શકે અને માણી શકે અને તેઓમાં રહેલી વિવિધ આંતરિક શક્તિઓને ખીલવી શકે, કઠિન અને કપરી પરિસ્થિતિઓનો સામનો એકબીજાના સહયોગથી કેવી રીતે સરળ બનાવી શકાય તે હેતુથી આ વિદ્યાર્થીઓને સંપૂર્ણ પ્રાકૃતિક એવી જગ્યાએ લઈ જઈ નવા અનુભવ કરવવામાં આવ્યાં હતા. ઉત્સાહ અને શક્તિનો ધોધ એવા આ નવ યુવાનોમાં ખેલ અને રમતગમત પ્રત્યેના તેમના લગાવને ધ્યાનમાં રાખીને તેઓ માટે ફૂટબોલ, ક્રિકેટ, ખો ખો જેવી વિવિધ રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# ગાંધી નિર્વાણ દિને રાજકોટમાં ઐતિહાસિક રાષ્ટ્રીયશાળા ખાતે 'મેઘાણી-ગીતો' ગુંજ્યાં



ગાંધી નિર્વાણ દિને રાજકોટ સ્થિત ઐતિહાસિક રાષ્ટ્રીયશાળા પ્રાંગણ ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી રચિત શૌર્ય, દેશપ્રેમ અને ગાંધી ગીતોનાં લ્સ્વરાંજલિ' તેમ જ સામૂહિક 'મૌનાંજલિ'નાં ભાવાંજલિ કાર્યક્ર્મ 'ઘાયલ મરતા મરતા રે, માતની આઝાદી ગાવે'નું આયોજન સતત નવમા વર્ષે થયું હતું. રાષ્ટ્ર પિતા મહાત્મા ગાંધી અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનાં બાળપણનાં અનેક લાગણીસભર સંસ્મરણો રાજકોટ સાથે છે તેથી ૧૫૦મી ગાંધી-જયંતી વર્ષ અંતર્ગત આ કાર્યક્ર્મનું સવિશેષ મહત્વ રહ્યું. ૩થી ૭ માર્ચ ૧૯૩૯ દરમિયાન ગાંધીજીએ 'તપોભૂમિ' રાષ્ટ્રીયશાળા ખાતે ઉપવાસ કરેલા જે ખાસ ઉલ્લેખનીય છે. આપણાં સ્વાતંત્ર્ય-સંગ્રામ અને તેમાં આહૂતિ-બલિદાન આપનાર નામી-અનામી સ્વાતંત્ર-સેનાનીઓથી નવી પેઢી પરિચિત-પ્રેરિત થાય તે આશયથી ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી સ્થાપિત ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા આ પ્રેરક આયોજન થયું હતું. સુરક્ષા સેતુ સોસાયટી – રાજકોટ શહેર પોલીસ, રાષ્ટ્રીયશાળા, સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિનો પણ સહયોગ રહ્યો હતો.

ભારત સરકારના ખાદી ગ્રામોદ્યાગ કમિશનના પૂર્વ-અધ્યક્ષ અને સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના પ્રમુખ દેવેન્દ્રભાઈ દેસાઈ, ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી મેઘાણી, વિશ્વવિખ્યાત સંગીતકાર-પિયાનોવાદક કાંતિભાઈ સોનછત્રા, રાષ્ટ્રીયશાળાના જીતુભાઈ ભટ્ટ, સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના હિંમતભાઈ ગોડા, વલ્લભભાઈ લાખાણી, દિપેશભાઈ બક્ષી અને પરાગભાઈ ત્રિવેદી, ભાલ નલકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળના ગોવિંદસંગભાઈ ડાભી, સહકારી ક્ષેત્રના અગ્રણી ધીરૂભાઈ ધાબલીયા, લેખક-પત્રકાર રાજુલભાઈ દવે, શિક્ષણ-જગતના મુનાફભાઈ નાગાણી, ડી. કે. વડોદરિયા, ડો. યજ્ઞેશભાઈ જોષી, પૂર્વીબેન ગાંધી અને પ્રજ્ઞેશભાઈ કુબાવત, નિવૃત્ત નાયબ પોલીસ અધિક્ષક જે. એચ. જલુ, ડો. એલ. બી રાવલ, આકાશવાણી-રાજકોટના નિવૃત્ત અધિકારી શાંતિલાલ રાણીંગા, નેશનલ યુથ પ્રોજેક્ટના રાજેશભાઈ ભાતેલીયા, વાલજીભાઈ પિત્રોડા, સમીરભાઈ તુષારકાંત દવે, શાંતિભાઈ ચાનપરાની વિશેષ ઉપસ્થિતિ રહી. મોટી સંખ્યામાં શાળા-કોલેજનાં વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. વિશ્વભરમાં વસતાં બે લાખથી વધુ ભાવિકોએ આ કાર્યક્ર્મને ઈન્ટરનેટ પર પણ માણ્યો હતો. સુરક્ષા સેતુ સોસાયટી - રાજકોટ શહેર પોલીસના સૌજન્યથી ઉપસ્થિત સહુ વિદ્યાર્થીઓને ક્રીમ બિસ્કીટ અપાયાં હતાં. ખ્યાતનામ લોકગાયક અભેસિંહ રાઠોડ સાથે રાધાબેન વ્યાસ, માલાબેન ભટ્ટ, નીલેશ પંડ્યા અને પંકજ ભટ્ટ (સંગીતકાર)એ ઝવેરચંદ મેઘાણી રચિત શૌર્ય, દેશપ્રેમ અને ગાંધી ગીતો થકી સ્વરાંજલિ અર્પણ કરી હતી.